NAVSARI AGRICULTURAL UNIVERSITY

# એનએયુ સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત)
# નવસારી કૃષિ યુનીવર્સિટી,
# નવસારી

તા. ૮/૦૧/૧૮

જા.નં. નકૃયુ/નિવિક/ટી/૧૯૭/૨૦૧૮
તા. ૮/૧/૨૦૧૮

## આભાર પત્ર

સહર્ષ જણાવવાનું કે ગુજરાત રાજયની વિવિધ યુનિવર્સિટીના અધિકારી અને કર્મચારીની કાર્યક્ષમતા અને ક્રિયાશીલતા વધે તેમજ તેમની શારિરીક–માનસીક ક્ષમતાઓનો વિકાસ થાય અને ખેલદીલીની ભાવના જળવાય તેવા શુભ આશયથી, આંતર યુનિવર્સિટી સ્ટાફ ટુર્નામેન્ટ (ક્રિકેટ, બેડમિન્ટન અને ટેબલ ટેનીસ)નું એનએયુ સ્ટાફ સ્પોર્ટસ કલબ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના યજમાનપદે તેમજ ગુજરાત રાજય યુનિવર્સિટી કર્મચારી રમતગમત અને સાંસ્કૃતિક મંડળ, ગુજરાત રાજયના નેજા હેઠળ તા. ૨૩ તી ૨૫ ડીસેમ્બર, ૨૦૧૭ દરમ્યાન ખુબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સદર ટુર્નામેન્ટમાં ૧૫ જેટલી યુનિવર્સિટીના આશરે ૩૯૭ અધિકારી અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાગ લેનાર બધી જ યુનિવર્સિટીના અધિકારી અને કર્મચારીઓએ ટુર્નામેન્ટના આયોજન અને વ્યવસ્થા માટે દરેક તબકકે ભરપુર વખાણ કર્યા હતા. ટુર્નામેન્ટના સુંદર આયોજન અને વ્યવસ્થા બાબતે નવસારી કૃષિ યુનિવર્સિટીને ભવ્ય સફળતા મળેલ છે.

ટુર્નામેન્ટની ભવ્ય સફળતા બદલ અમો ''એનએયુ સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત)'', નવસારી કૃષિ યુનીવર્સિટી, નવસારીવતી માન. કુલપતિશ્રી, ડો. સી. જે. ડાંગરીયાસાહેબ, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ ડો. સી. વી. સાવલીયાસાહેબ, કુલસચિવશ્રી ડો. વી. એ. સોલંકીસાહેબ, કુષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. સી. કે. ત્રિબંડીયાસાહેબ, હિસાબ નિયામકશ્રી ડી. ટી. ચૌધરીસાહેબ, ગ્રંથપાલ ડો. કૈલાશ ટંડેલસાહેબ, કાર્યપાલક ઈજનેરશ્રી ભાલસોડસાહેબ, યુ.સી. પાંડે (એટીક), તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, યુનિટ–સબયુનિટના વડાશ્રીઓ, તમામ સમિતીઓના ચેરમેન, કો–ચેરમેનશ્રીઓ, સભ્યશ્રીઓ તેમજ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ કર્મચારી/અધિકારીશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આપે આપેલ સહકારથી ઉપરોકત ટુર્નામેન્ટનું સફળ આયોજન શકય બનેલ છે. આથી ટુર્નામેન્ટની સફળતા નો શ્રેય આપને શીરે જાય છે. આપે આપેલ સહકાર બદલ અમો આપની કદર કરીએ છીએ અને દિલથી આપનો આભાર વ્યકત કરીએ છીએ.

આપના સહકાર બદલ આભાર,

મંત્રી
એન.એ.યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ,
ન.કુ.યુ, નવસારી